ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

SHREE SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001
**Visit us** : www.iceonline.in,
**Telegram** : t.me/icerajkotofficial,
: icerajkot
CALL : 9375701110 / 9328001110

ઉમેદવારનો બેઠક નંબર | | | | | | | | | |

સમય : 120 મિનિટ * કુલ પ્રશ્નો : 100 * કુલ ગુણ : 100
Time : 120 Minute * Total Ques. : 100 * Total Marks : 100

# PSI MOCK TEST

# PAPER - 01

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

## ઉમેદવારોને સૂચના

1. તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે તેની સંખ્યા ઉપર રહેશે. પ્રશ્ન ક્રમાંક 1 થી 100 માટે દરેક પ્રશ્નનો 1 ગુણ છે.
2. 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.
3. આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.
4. પરીક્ષાર્થીઓને પરીક્ષા ખંડ/હોલમાં પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલા પુસ્તક કે કાગળની ચિટ્ઠી, પેપર, મોબાઈલ–સેલ ફોન કે કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.
5. પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને કોમ્પ્યુટરરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી (OMR Answer Sheet) આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે કે પરીક્ષા પુરી થયા બાદ પરત આપવામાં નહીં આવે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે. સૌપ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં અંગ્રેજીમાં રોલ નંબર (બેઠક નંબર) ફક્ત ભૂરી/કાળી શાહીની બોલપેનથી અંગ્રેજીમાં લખવાની રહેશે. જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સિરીઝ, પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં સાચી અને પૂરી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી લખવાની રહેશે અને તેની નીચેના વર્તુળ પૂરેપૂરા ડાર્ક કરવાના રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે.
6. આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં A, B, C, D, વિકલ્પો આપેલા છે. OMR જવાબવહીમાં E વિકલ્પ છે. E વિકલ્પ 'Not Attempted' અંગેનો રહેશે. જે ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકાશે. અને 'Not Attempted' વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet)માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D કે Eના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું.

– આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ 'શૂન્ય' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

ઉદાહરણ તરીકે :

=> ગાંધીજીનો જન્મ કયા જિલ્લામાં થયો હતો ?

(A) ભાવનગર (B) જામનગર
(C) પોરબંદર (D) રાજકોટ

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C)નું વર્તુળ ડાર્ક (Encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં 'પોરબંદર' લખવું નહીં.

– પ્રત્યેક સાચા જવાબના 1 ગુણ, ખોટો જવાબ, એક પણ વિકલ્પ પસંદ ન કરવાના અને એકથી વધુ વિકલ્પ પસંદ કરવાના -0.25 ગુણ નેગેટિવ રહેશે.

7. એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.
8. જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે તથા આવી ક્ષતિઓ બાબતે પાછળથી કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
   (i) જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે.
   (ii) જવાબવહીમાં રફ કામ કરેલ હશે.
   (iii) જવાબવહીમાં ભરવાની કોઈ પણ કોલમની વિગતોમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (Encode) કરેલ હશે.
   (iv) જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેકશન ઈન્ક, કરેકશન ફ્લ્યુડ, કરેકશન પેન, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.
   (v) જવાબવહીમાં નિશાનીઓ/પ્રતિકો કરેલ હશે.
9. પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.
10. પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.
11. પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જયારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.
12. આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એકથી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના -0.25 ગુણ મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

1. કોને ભારતમાં આધુનિક લીલ વિદ્યાના પિતા કહેવામાં આવે છે ?
(A) જગદિશચંદ્ર બોઝ (B) પ્રોફેસર અયંગર
(C) પ્રોફેસર રાજરેડ્ડી (D) નીલચંદ્ર બોઝ

2. પોષક તત્ત્વની ઉણપ અને તેનાથી થતા ત્રુટિજન્ય રોગ વિશે યોગ્ય જોડકા જોડો.

| A | B |
|---|---|
| 1. પ્રોટીન | A. ગોઈટર |
| 2. આયોડિન | B. રતાંધળાપણું |
| 3. આયર્ન | C. એનીમિયા |
| 4. વિટામિન | D. મેરેસ્મસ |

યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1-D, 2-A, 3-C, 4-B (B) 1-B, 2-A, 3-D, 4-C
(C) 1-D, 2-A, 3-B, 4-C (D) 1-C, 2-A, 3-D, 4-B

3. કોષ (Cell) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. રોબર્ટ હૂક નામના વૈજ્ઞાનિકે ઈ.સ. 1665માં બુચનો પાતળો છેદ લઈને પ્રાકૃતિક માઈક્રોસ્કોપમાં અભ્યાસ કર્યો અને તેમણે અનેક નાના ખાનાઓ જેવી રચનાઓ વર્ણવી, જેને કોષ (Cell) નામ આપ્યું.
2. ઈ.સ. 1831માં રોબર્ટ બ્રાઉને કોષમાં કોષકેન્દ્રની શોધ કરી હતી.
3. દરેક કોષ જનીનદ્રવ્ય સ્વરૂપે પોતાની માહિતીનો જથ્થો ધરાવે છે. જે આનુવંશિકતા માટે જવાબદાર ઘટક છે.
4. મનુષ્ય શરીર કોષોનું બનેલું છે તથા કોષએ સજીવનો રચનાત્મક અને ક્રિયાત્મક એકમ છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4

4. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
1. લાઈસોઝોમ્સની શોધ ડી. ડુબેએ કરી હતી.
2. ચરબીનું પ્રમાણ વધવાથી શરીરમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધી જાય છે.
3. મુખની અંદર રહેલા દાંત કેલ્શિયમ કાર્બોનેટ અને ફોસ્ફરસના બનેલા હોય છે.
4. આંખોમાં ચિકણો સ્ત્રાવ ઉત્પન્ન કરનાર ગ્રંથિ હાર્ડેરિયન છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4

5. કમળો કયા વાયરસથી થાય છે ?
(A) ઈન્ફ્લુએન્ઝા વાયરસ (B) હિપેટાઈટિસ વાયરસ
(C) રીટ્રો વાયરસ (D) ઈમ્યુનો ફિફિસિયન્સી વાયરસ

6. નીચેના વિધાન તપાસો અને સાચા વિધાન પસંદ કરો.
1. પરમાણુની કક્ષામાં ઈલેક્ટ્રોનના કણો ભ્રમણ કરતા હોય છે.
2. ન્યુટ્રોનની શોધ જ્હોન ડાલ્ટને ઈ.સ. 1932માં કરી હતી.
3. પ્રોટોન ધન વીજભાર ધરાવે છે જ્યારે ઈલેક્ટ્રોન ઋણ વીજભાર ધરાવે છે.
4. ન્યુટ્રોન વીજભાર રહિત છે.
ઉપરોક્ત વિધાનો મુજબ યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4
(C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 3

7. નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) કાયમી ચુંબક બનાવવા માટે સ્ટીલનો ઉપયોગ કરવામાં આવે છે.
(B) ટેલકમ પાઉડર બનાવવા માટે થિયોફેસ્ટેસનો ઉપયોગ કરવામાં આવે છે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા

8. સામાન્ય રીતે 5 ફૂટ કરતા ઓછી ઉંચાઈ ધરાવતી વનસ્પતિને શું કહે છે ?
(A) છોડ (B) વૃક્ષ
(C) ક્ષુપ (D) વેલ

9. 1 newton = .............. dyne.
(A) $10^3$ (B) $10^4$
(C) $10^5$ (D) $10^6$

10. નીચેના પૈકી કઈ જોડ સાચી રીતે જોડાયેલી નથી ?
(A) એમીટર : વિદ્યુત પ્રવાહ માપવાનું સાધન
(B) વોલ્ટમીટર : વોલ્ટેજ માપવાનું સાધન
(C) ગેલ્વેનોમીટર : વિદ્યુતપ્રવાહની હાજરી નોંધવા માટે
(D) વિદ્યુતકોષ : વિદ્યુતપ્રવાહના માર્ગમાં અવરોધ ચલિત અવરોધ

11. નીચે આપેલ જોડકાં જોડો.

| દર્શનશાસ્ત્ર | રચયિતા |
|---|---|
| 1. ન્યાય | A. ગૌતમમુનિ |
| 2. વૈશેષિક | B. કણાદ |
| 3. પૂર્વ મીમાંસા | C. બદરાયણ |
| 4. ઉત્તર મીમાંસા | D. જૈમિની |

(A) 1-A, 2-B, 3-C, 4-D (B) 1-C, 2-B, 3-D, 4-A
(C) 1-A, 2-B, 3-D, 4-C (D) 1-B, 2-C, 3-D, 4-A

12. નીચે આપેલ જોડકાં જોડો.

| A | B |
|---|---|
| 1. ઈલોરા ગુફા નં - 14 | A. કૈલાસ મંદિર |
| 2. ઈલોરા ગુફા નં - 15 | B. રાવણ કી ખાઈ |
| 3. ઈલોરા ગુફા નં - 16 | C. દશાવતાર ગુફા |

(A) 1-B, 2-C, 3-A (B) 1-C, 2-A, 3-B
(C) 1-A, 2-B, 3-C (D) 1-A, 2-C, 3-B

13. ગુજરાતના નીચેના વંશોને સમયાનુક્રમમાં ગોઠવો.
1. મૈત્રક 2. યાદવ
3. સોલંકી 4.ચાવડા
(A) 2, 1, 4, 3 (B) 4, 3, 1, 2
(C) 1, 3, 4, 2 (D) 1, 4, 3, 2

14. નીચેના પૈકી કયા રાજવંશ સાથે હર્ષવર્ધનને વૈવાહિક સંબંધો હતા ?
(A) રાષ્ટ્રકુટ (B) ગંગા
(C) મૈત્રક (D) ગુપ્ત પછીના

15. નીચે આપેલ જોડકાં જોડો.

| A | B |
|---|---|
| 1. વરાહમિહિર | A. ખંડખાદ્યક |
| 2. મહાવીર | B. ગણિતસારસંગ્રહ |
| 3. બ્રહ્મગુપ્ત | C. અષ્ટાંગહૃદય |
| 4. વાદ્યભટ્ટ | D. પંચસિધ્ધાંતિકા |

(A) 1-D, 2-B, 3-A, 4-C (B) 1-D, 2-A, 3-B, 4-C
(C) 1-A, 2-B, 3-C, 4-D (D) 1-B, 2-A, 3-C, 4-D

16. નીચેના પૈકી કયા પાકમાં, ખેતરમાં પાણી ભરાઈ રહે (Requirs Woate-Logging) તે જરૂરી છે ?
(A) ઘઉં (B) કોફી
(C) ચોખા (D) રાઈ

17. નીચેના પૈકી દ્વિતીય શ્રેણીનું ભૂમિસ્વરૂપ કયું છે ?
1. પર્વતો 2. ઉચ્ચપ્રદેશો
3. મેદાનો 4. ખીણો
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 3 (B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4

18. નીચેના પૈકી યોગ્ય જોડકા જોડો.

| | અભયારણ્ય | રાજ્ય |
|---|---|---|
| 1. | ચંદ્રતાલ અભયારણ્ય | A. કર્ણાટક |
| 2. | ઘાટપ્રભા અભયારણ્ય | B. ત્રિપુરા |
| 3. | ગુમટી અભયારણ્ય | C. કેરળ |
| 4. | ઈડુક્કી અભયારણ્ય | D. હિમાચલ પ્રદેશ |

યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1-D, 2-A, 3-B, 4-C (B) 1-D, 2-A, 3-C, 4-B
(C) 1-B, 2-A, 3-D, 4-C (D) 1-D, 2-B, 3-A, 4-C

19. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
1. દિવસે પવનો સમુદ્ર વિસ્તારો પરથી જમીન વિસ્તારો તરફ વાય છે જેને દરિયાઈ લહેરો કહે છે.
2. રાત્રિ દરમિયાન જમીન વિસ્તારો પરથી સમુદ્ર વિસ્તારો તરફ પવનો વાય છે જેને જમીન લહેરો કહે છે.
3. બે સ્થળો કે પ્રદેશના હવાના દબાણ વચ્ચે રહેલા તફાવતને દબાણ પ્રવણતા (Pressure Gradient) કહે છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1

20. નીચેના જોડકાં જોડો.

| | સ્થળ | જિલ્લા |
|---|---|---|
| 1. | મચ્છુ નદીના કિનારે આવેલ પ્રસિદ્ધ સ્થળ વાંકાનેર | A. પંચમહાલ જિલ્લો |
| 2. | ગરમ-ઠંડા પાણીના કુંડ ધરાવતું સહેલગામ તુલસીશ્યામ | B. સાબરકાંઠા જિલ્લો |
| 3. | સુલતાન અહેમદશાહે વસાવેલું શહેર હિંમતનગર | C. મોરબી જિલ્લો |
| 4. | વનરાજ ચાવડાએ વસાવેલ યાદગાર સ્થળ ચાંપાનેર | D. ગીર-સોમનાથ જિલ્લો |

(A) 1-B, 2-D, 3-A, 4-C (B) 1-D, 2-C, 3-A, 4-B
(C) 1-D, 2-B, 3-A, 4-C (D) 1-C, 2-D, 3-B, 4-A

21. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
1. ચંપારણ સત્યાગ્રહ–રાજેન્દ્રપ્રસાદ
2. ખેડા સત્યાગ્રહ – વલ્લભભાઈ પટેલ
3. અમદાવાદ મિલ કામદારો એસોસીએશન– મોરારજી દેસાઈ
4. પુના કરાર– બી.આર. આંબેડકર
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1, 2 અને 4

22. નીચે આપેલા વિકલ્પો પૈકી કયા વિકલ્પમાં આપેલા તમામ તાલુકા ખેડા જિલ્લામાં આવેલા નથી ?
(A) નડિયાદ, ઠાસરા, મહેમદાબાદ
(B) મહુધા, માતર, ગલતેશ્વર
(C) નડિયાદ, કપડવંજ, આંકલાવ
(D) કઠલાલ, વસો, ખેડા

23. 'ગુલાબી લાલ' તેમજ 'ઘોડાપુરી' નદી તરીકે ગુજરાતની કઈ નદી જાણીતી છે ?
(A) દમણગંગા (B) નર્મદા
(C) કરજણ (D) ઓરસંગ

24. નીચેના જોડકાંમાંથી યોગ્ય જોડકું જણાવો.

| | નૃત્ય | રાજ્ય |
|---|---|---|
| 1. | ગરબા | ગુજરાત |
| 2. | મોહિની અટ્ટમ | ઓરિસ્સા |
| 3. | યક્ષગાન | કર્ણાટક |

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

25. ગુજરાતના જૂનાગઢ ખાતે કયું રિસર્ચ સેન્ટર આવેલ છે ?
(A) રીજીઓનલ રિસર્ચ સેન્ટર ફોર કોટન
(B) નેશનલ રિસર્ચ સેન્ટર ફોર પ્લસ
(C) રીજીઓનલ મેઈઝ રિસર્ચ સેન્ટ
(D) નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ગ્રાઉન્ડનટ

26. અડદના ઉત્પાદનમાં કયો જિલ્લો મોખરે છે ?
(A) વડોદરા (B) અમદાવાદ
(C) આણંદ (D) ભાવનગર

27. યોગ પ્રવૃત્તિનું ધામ ''ધ્યાની ધામ'' નીચે પૈકી કોના દ્વારા સ્થપાયેલ છે ?
(A) રીખવદાસ
(B) મધુસુદનદાસ અને પુજ્ય આનંદમાં
(C) ગંગેશ્વરદાસ
(D) એકપણ નહીં

28. સાબરમતી આશ્રમની દાંડી સુધીના ............ને ''વર્લ્ડ હેરીટેજ વે'' જાહેર કરવામાં આવ્યો છે.
(A) રાષ્ટ્રીય ધોરીમાર્ગ 64 (B) રાષ્ટ્રીય ધોરીમાર્ગ 54
(C) રાષ્ટ્રીય ધોરીમાર્ગ 27 (D) રાષ્ટ્રીય ધોરીમાર્ગ 1

29. ગુજરાત રાજ્યમાં આવેલ બોટાદ જિલ્લાને કયા જિલ્લાઓની હદ સ્પર્શે છે ?
(A) ભાવનગર, અમરેલી, રાજકોટ, અમદાવાદ
(B) સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, અમરેલી
(C) રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, અમદાવાદ
(D) ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ

30. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | A | B |
|---|---|---|
| 1. | નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ઓનિયન એન્ડ ગાર્લિક | A. સુરત |
| 2. | સેન્ટ્રલ કેટલ બ્રિડીંગ ફાર્મ | B. ભાવનગર |
| 3. | સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ | C. બોરિયાળી |
| 4. | નેશનલ રિસર્ચ સેન્ટર ફોર મેડિસિન એન્ડ એરોમેટિક પ્લાન્ટ | D. ગોધરા |

(A) 1-B, 2-A, 3-C, 4-D (B) 1-D, 2-B, 3-A, 4-C
(C) 1-D, 2-A, 3-B, 4-C (D) 1-A, 2-C, 3-B, 4-D

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

31. ગુજરાતની કઈ નદી 'લીમ્પોપો' તરીકે ઓળખાય છે ?
(A) વિશ્વામિત્રી (B) વાત્રક
(C) નર્મદા (D) તાપી

32. ઈમારતી લાકડા માટેનું વ્યાપાર કેન્દ્ર આહ્વા કયા જિલ્લામાં આવેલું છે ?
(A) ડાંગ (B) જૂનાવઢ
(C) રાજકોટ (D) નવસારી

33. ગુજરાત ખાતે આવેલ આઈ.એ.એસ ટ્રેઈનીંગ સેન્ટરનું નામ જણાવો.
(A) આદિત્ય બિરલા આઈ.એ.એસ ટ્રેઈનીંગ સેન્ટર
(B) એ.ડી શોધન આઈ.એ.એસ ટ્રેઈનીંગ સેન્ટર
(C) વિક્રમ સારાભાઈ આઈ.એ.એસ ટ્રેઈનીંગ સેન્ટર
(D) એસ. રાજગોપાલાચારી આઈ.એ.એસ ટ્રેઈનીંગ સેન્ટર

34. ભારતમાં બાયોગેસના ઉત્પાદનમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) મહારાષ્ટ્ર
(C) ગુજરાત (D) રાજસ્થાન

35. 'ઈન્ડિયા ઓપન 2022' અથવા 'યોનેક્સ–સનરાઈઝ ઈન્ડિયા ઓપન 2022'માં વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું છે ?
(A) સુશ્રી પી. વી. સિંધુ (B) સુશ્રી એસ. પી. કુદૂરવલી
(C) સુશ્રી ડે હેની (D) સુશ્રી બુસાસન

36. તાજેતરમાં 'FIFA દ્વારા 'Best FIFA Football Awards'ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત 'શ્રેષ્ઠ ફિફા વિમેન્સ પ્લેયર' એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી એલિક્સિયા પુટેલાસ (B) સુશ્રી પેર્નિલ હાર્ડર
(C) સુશ્રી સેમ કેર (D) સુશ્રી ઈરેન પેરેડેસ

37. ઓસ્ટ્રેલિયા ઓપન 2022માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર
(C) શ્રી નોવાક જોકોવિચ (D) શ્રી ડેનિલ મેડવેડેવ

38. 'આર્થિક સર્વેક્ષણ 2021-22' અનુસાર ભારતીય અર્થતંત્ર 2020-21માં 7.3 ટકા ઘટયા બાદ 2021-22માં......... ના દરે વૃધ્ધિ પામશે તેવો અંદાજ છે.
(A) 8.1% (પ્રારંભિક અંદાજ) (B) 9.2% (પ્રારંભિક અંદાજ)
(C) 5.6% (પ્રારંભિક અંદાજ) (D) 4.00% (પ્રારંભિક અંદાજ)

39. પંડિત બિરજુ મહારાજ સંદર્ભે કયું વિધાન સાચું છે ?
(A) તેમનું સાચું નામ પંડિત બ્રીજમોહન મિશ્રા છે.
(B) તેઓ લખનૌના કાલકા–બિન્દાદિન ઘરાનાના હતા.
(C) વર્ષ 1986માં પદ્મવિભૂષણ પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.
(D) ઉપરોક્ત તમામ

40. કોઈ એક ભાષામાં PORTER ને MBNZQN દ્વારા લખવામાં આવે છે તો તે જ ભાષામાં REPORT કઈ રીતે લખી શકાય ?
(A) NQMBNZ (B) NQNBNZ
(C) NQMNBZ (D) NQNBMZ

41. મારી બહેનના જન્મ સમયે મારા પિતાની ઊંમર 31 વર્ષ હતી. મારા ભાઈના જન્મ સમયે મારી માતાની ઊંમર 20 વર્ષ હતી. મારી આજની ઊંમર મારા ભાઈ અને બહેનની ઊંમરનો સરવાળા કરતાં અડધી છે. જો આજની સ્થિતિએ મારા માતા–પિતાની જેની ઊંમરનો સરવાળો 81 વર્ષ હોય તો આજની સ્થિતિએ મારી ઊંમર કેટલી હશે ?
(A) 18 વર્ષ (B) 12 વર્ષ
(C) 15 વર્ષ (D) 20 વર્ષ

42. નીચેના પૈકી કયું વિધાન સત્ય નથી ?
(A) પ્રથમ 10 અવિભાજ્ય સંખ્યાઓનો મધ્યક બેકી સંખ્યા હોય
(B) પ્રથમ 10 અવિભાજ્ય સંખ્યાઓનો મધ્યસ્થ બેકી સંખ્યા હોય
(C) પ્રથમ 10 બેકી સંખ્યાઓનો મધ્યક અવિભાજ્ય સંખ્યા છે.
(D) પ્રથમ 10 એકી સંખ્યાઓનો મધ્યક બેકી સંખ્યા છે.

43. ડુંગળીની કિંમત ટામેટા કરતાં વધુ છે, ટામેટાની કિંમત મરચા કરતાં ઓછી છે. મરચાની કિંમત ગાજર અને ડુંગળી કરતા વધુ છે. આમાંથી સૌથી મોંઘુ શું છે ?
(A) ડુંગળી (B) ગાજર
(C) મરચા (D) ટામેટા

44. ડિક્ષનરી ના ક્રમ પ્રમાણે આપેલ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી છેલ્લો શબ્દ કયો હશે એ શોધો.
(A) PROPOSITION (B) PROPRIETY
(C) PROSECUTE (D) PROSODY

45. એક પાર્ટીમાં 16 વ્યકિતઓએ પરસ્પર હાથ મિલાવ્યા તો કુલ હાથ મિલાવવાની સંખ્યા કેટલી હશે ?
(A) 120 (B) 80
(C) 32 (D) 112

46. જો તારીખ 20 ફેબ્રુઆરી, 2016 ના રોજ શનિવાર હોય તો, તારીખ 23 માર્ચ, 2016 ના રોજ કયો વાર હશે ?
(A) બુધવાર (B) શુક્રવાર
(C) શનિવાર (D) સોમવાર

47. જો + નો અર્થ ÷ , ÷ નો અર્થ - , -નો અર્થ × અને × નો અર્થ + હોય, તો $16 + 8 \div 3 - 2 \times 4 =$ ..........
(A) 2 (B) 0
(C) 6 (D) 8

48. A, B ના 150% છે B એ (A + B)ના કેટલા ટકા થાય ?
(A) 40% (B) 75%
(C) 66.16% (D) $33\frac{1}{3}$%

49. 18 કામદારો 10 દિવસમાં 900 પુસ્તકો બાંધે છે. તો 12 દિવસમાં 660 પુસ્તકો બાંધવા કેટલા કામદાર જોઈએ ?
(A) 11 (B) 10
(C) 14 (D) 16

50. એક વેપારીએ રૂપિયા 4000 નો માલ ખરીદી અડધો માલ 10% નફાથી વેચ્યો. બાકીનો માલ કેટલા ટકા નફાથી વેચવો જોઈએ કે જેથી સરવાળે 25% નફો થાય ?
(A) 60% (B) 45%
(C) 20% (D) 40%

**51.** $3x+y = 8$ અને $2x - y = 7$ તો $x =$ ............ .

(A) $x = 3$ (B) $x = -4$

(C) $x = 4$ (D) $x = -3$

**::** **Q - 52 to 55**

એક સંગઠનના વિવિધ વિભાગોમાં કર્મચારીઓની ટકાવારી અને પુરુષ–સ્ત્રીનો ગુણોત્તર.

કર્મચારીઓની કુલ સંખ્યા = 2500

પુરુષ અને સ્ત્રીનો ગુણોત્તર

| વિભાગ | પુરુષ : સ્ત્રી |
|---|---|
| પ્રશાસન | 7 : 5 |
| લેખક | 2 : 3 |
| HR | 5 : 3 |
| વિજ્ઞાન | 7 : 8 |
| IT | 3 : 4 |
| પરિચાલન | 5 : 4 |
| લોજિસ્ટીક | 6 : 5 |
| પ્રિન્ટીંગ | 2 : 1 |




**52.** પ્રશાસન અને પ્રિન્ટીગ વિભાગમાં પુરુષ કર્મચારીઓનો ગુણોત્તર કેટલો છે ?

(A) 7 : 4 (B) 4 : 7

(C) 3 : 4 (D) 7 : 3

**53.** IT અને પરીચાલન વિભાગમાં કર્મચારીઓની કુલ સંખ્યાઓ વચ્ચે કેટલો તફાવત છે ?

(A) 200 (B) 100

(C) 150 (D) 180

**54.** HR અને વિજ્ઞાન વિભાગમાં મહિલાઓની કુલ સંખ્યા વચ્ચેનો ગુણોત્તર કેટલો છે ?

(A) 13 : 15 (B) 15 : 13

(C) 13 : 17 (D) 3 : 4

**55.** IT વિભાગમાં કેટલી મહિલા કર્મચારી છે ?

(A) 250 (B) 120

(C) 125 (D) 200

**56.** એક સમબાજુ ત્રિકોણની બાજુનું માપ $10\sqrt{2}$ છે, તો તેનું ક્ષેત્રફળ કેટલું થાય ?

(A) $50\sqrt{2}$ (B) $20\sqrt{3}$

(C) $50\sqrt{3}$ (D) $40\sqrt{2}$

**57.** ત્રણ ભિન્ન અસમરેખ બિંદુઓમાંથી કેટલા વર્તુળ પસાર થાય ?

(A) એક (B) ચાર

(C) બે (D) પાંચ

**58.** બે ગોળ સિક્કાઓનો વ્યાસનો ગુણોત્તર 1 : 4 છે. નાના સિક્કાને મોટા સિક્કાની આસપાસ ગોળ ઘુમાવવામાં ત્યાં સુધી આવે છે જ્યાં સુધી તે પ્રારંભિક બિંદુ પર આવી ન જાય તો નાના સિક્કાને મોટા સિક્કાની આસપાસ કેટલીવાર ગોળાકારે ઘુમાવવો પડશે ?

(A) 5 (B) 7

(C) 4 (D) 8

**59.** બે ટ્રેનની લંબાઈ અનુક્રમે 185 મીટર અને 215 મીટર છે, તેઓની ઝડપ અનુક્રમે 50 km/h અને 40 km/h છે. બન્ને ટ્રેન વિરુદ્ધ દિશામાં સમાંતર લાઈન પર દોડે છે, તો કેટલા સમયમાં એક બીજાને પસાર કરશે ?

(A) 16 સેકન્ડ (B) 12 સેકન્ડ

(C) 1 મિનિટ (D) 15 સેકન્ડ

**60.** કેટલામાં બંધારણીય સુધારાથી મતદાનની લઘુતમ વય 21 થી 18 કરાઈ ?

(A) 42 માં (B) 68 માં

(C) 72 માં (D) 61 માં

**61.** ભારતીય બંધારણની કઈ કલમ, ભારતસરકારના કાર્ય સંચાલન સાથે સંકળાયેલ છે ?

(A) 76 (B) 77

(C) 78 (D) 79

**62.** ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આજસુધીમાં નાણાકીય કટોકટીની ઉદઘોષણા કેટલી વખત કરવામાં આવેલ છે ?

(A) એક વખત (B) બે વખત

(C) ત્રણ વખત (D) એકેય વખત નહીં

**63.** મફત કાનૂની સહાયનો ઉલ્લેખ બંધારણમાં કયાં કરવામાં આવ્યો છે ?

(A) મૂળભૂત અધિકારોમાં (B) મૂળભૂત ફરજોમાં

(C) માર્ગદર્શક સિદ્ધાંતોમાં (D) સંઘના ન્યાયતંત્રમાં

**64.** અનુચ્છેદ – 312માં નવી અખિલ ભારતીય સેવાના નિર્માણ માટે કઈ બહુમતી જરૂરી છે ?

(A) સાદી બહુમતી

(B) રાજ્યસભામાં ઉપસ્થિત તથા મતદાનમાં ભાગ લેનાર 2/3 બહુમતી જરૂરી

(C) લોકસભાના 2/3 = 364 સભ્યો

(D) સદનમાં કુલ સભ્યોની સંખ્યાની બહુમતી

**65.** નીચેના જોડકાં જોડો.

| વડાપ્રધાન | કાર્યો |
|---|---|
| 1. શ્રી લાલબહાદુર શાસ્ત્રી | A. ટેલિકોમની ક્રાંતિ થઈ |
| 2. શ્રી રાજીવ ગાંધી | B. રાઈટ ટુ ઈન્ફોર્મેશન અમલી બન્યો |
| 3. શ્રી મનમોહનસિંહ | C. અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા પરાજિત થનાર વડાપ્રધાન |
| 4. શ્રી એચ.ડી.દેવગૌડા | D. NDDB ની સ્થાપના કરવામાં આવી. |

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1-A, 2-D, 3-C, 4-B (B) 1-D, 2-A, 3-B, 4-C

(C) 1-D, 2-B, 3-A, 4-C (D) 1-B, 2-C, 3-D, 4-A

**66.** હાર્ડડિસ્કમાં રહેલા અવ્યવસ્થિત ડેટાને યોગ્ય રીતે ગોઠવવા નીચેનામાંથી કયા ટૂલનો ઉપયોગ થાય છે ?

(A) બેકઅપ (B) સોર્ટીંગ

(C) Restore (D) ડીફ્રેગમેન્ટ

**67.** નીચેનામાંથી શું Control Panel માં જોવા મળતું નથી ?

(A) Rename (B) Internet

(C) Power (D) Date & Time

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

68. BIOSનું પૂરું નામ શું છે ?
(A) Basic Inpur Output System
(B) Binary Input Output System
(C) Basic Input Output System
(D) None of the above

69. એકસેલમાં મુખ્ય કેટલા પ્રકારના ચાર્ટ આવેલા છે ?
(A) 10 (B) 14
(C) 4 (D) 18

70. કમ્પ્યૂટર નેટવર્કમાં RARPનું પૂરું નામ જણાવો.
(A) Reverse Access Request Protocol
(B) Reverse Address Resolution Protocol
(C) Reverse Access Resolution Protocol
(D) Reverse Address Request Protocol

71. 'મનોવિજ્ઞાન માનવી અને પ્રાણીના વર્તનનું વિજ્ઞાન છે.' આ વ્યાખ્યા કયા મનોવૈજ્ઞાનિકે આપેલી છે ?
(A) સી. ટી. મોર્ગન (B) એચ. ઈ. ગેરેટ
(C) એન. એલ. મન (D) હિલગાર્ટ એટકીનસન

72. જીન પિયાજેના મતાનુસાર બાળકમાં કઈ ઉંમરના તબક્કામાં ચિંતનાત્મક વિચાર શક્તિ વિકસે છે ?
(A) જન્મથી બે વર્ષ (B) બેથી સાત વર્ષ
(C) સાતથી બાર વર્ષ (D) બાર વર્ષથી આગળ

73. નીચેનામાંથી કયું લક્ષણ વિચારણાને બંધ બેસતું નથી ?
1. વિચારણાની શરૂઆત કોઈ સમસ્યાથી થાય છે.
2. વિચારણામાં પ્રયત્ન અને ભૂલની પ્રક્રિયા જોવા મળે છે.
3. વિચારણાએ હંમેશા પૂર્વગ્રહોથી મુકત હોય છે.
4. વિચારણાને અંતે રજૂ થતો વિચાર એટલે નિષ્કર્ષ.
(A) ફકત 1 અને 3 (B) ફકત 4
(C) ફકત 3 (D) ફકત 2 અને 4

74. સર્જનાત્મક વિચારણાની પ્રક્રિયા દરમિયાન શરૂઆતથી અંતના ક્રમમાં સોપાનોનો ક્રમ જણાવો.
(A) મૂલ્યાંકન, તૈયારી, સેનવ, ઝબકાર
(B) તૈયારી, ઝબકાર, સેનવ, મૂલ્યાંકન
(C) સેવન, ઝબકાર, તૈયારી, મૂલ્યાંકન
(D) તૈયારી, સેવન, ઝબકાર, મૂલ્યાંકન

75. ઈ.સ. 1952માં સ્થપાયેલી 'ઈન્ડિયન સોશિયોલોજીકલ સોસાયટી'ના પ્રણેતા કોણ હતા ?
(A) ગોવિંદ ધૂર્યે (B) ડી. પી. મુખર્જી
(C) ડેવિડ હાર્ડમીન (D) શ્રી નિવાસન

76. ભારતમાં સૌપ્રથમ મનોવિજ્ઞાનની પ્રયોગશાળાની સ્થાપના કયાં અને ક્યારે કરવામાં આવી હતી ?
(A) ઈ.સ 1905, ચેન્નાઈ યુનિવર્સિટી
(B) ઈ.સ 1905, કોલકત્તા યુનિવર્સિટી
(C) ઈ.સ 1905, પૂણે યુનિવર્સિટી
(D) ઈ.સ 1905, દિલ્હી યુનિવર્સિટ

77. ઉંદરના મગજનો એક ભાગ દૂર કરીને સ્મૃતિ અંગે અભ્યાસ કરનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?
(A) કાર્લ સ્પેન્સર લેશ્લી
(B) વિલ્હેમ વુન્ટ
(C) મેક્સ વર્ધીમર
(D) ડો. સિંગ્મંડ ફ્રોઇડ

78. 'વારંવારના પ્રયત્નોના અંતે પ્રયત્ન–ભુલ ઘટે છે.' એવું જણાવનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ?
(A) અલ્બર્ટ બાન્દુરા (B) એરિક એરિક્સન
(C) અબ્રાહમ મેસ્લો (D) એડવર્ડ થોર્નડાઈક

79. નીચે આપેલા જોડકાં જોડો.

| યાદી–I | યાદી–II |
|---|---|
| 1. પુષ્યગુપ્ત વૈશ્ય | A. તળાવનું સમારકામ અને નહેરનું નિર્માણ |
| 2. તુષાષ્ફ | B. બંધ તૂટવાથી તળાવનું સમારકામ |
| 3. સુવિશાખ | C. સુદર્શન તળાવનું પુનઃનિર્માણ |
| 4. ચક્રપાલિત | D. સુદર્શન તળાવનું નિર્માણ |

(A) 1-A, 2-B, 3-C, 4-D (B) 1-D, 2-A, 3-B, 4-C
(C) 1-B, 2-C, 3-D, 4-A (D) 1-A, 2-C, 3-B, 4-D

80. નીચેના પૈકી કઈ નદી સિંધુ પ્રવાહ પ્રણાલીનો ભાગ નથી ?
(A) ઝેલમ (B) ચિનાબ
(C) કોસી (D) રાવિ

81. સોલંકી યુગના રાજાઓને ક્રમમાં ગોઠવતો કયો વિકલ્પ સાચો છે ?
(A) મૂળરાજ સોલંકી, સિદ્ધરાજ જયસિંહ, કર્ણદેવ પહેલો, કુમારપાળ
(B) મૂળરાજ સોલંકી, કર્ણદેવ પહેલો, કુમારપાળ, સિદ્ધરાજ જયસિંહ
(C) મૂળરાજ સોલંકી, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ, કર્ણદેવ પહેલો
(D) આપેલ પૈકી એકપણ નહીં

82. સિક્કિમ રાજ્ય..........થી ઘેરાયેલું છે.
(A) ચાઈના, નેપાળ, ભૂતાન, અને પશ્ચિમબંગાળ
(B) ભૂતાન, નેપાળ, પશ્ચિમ બંગાળ અને આસામ
(C) ચાઈના, નેપાળ, પશ્ચિમ બંગાળ અને આસામ
(D) ચાઈના, ભૂતાન, પશ્ચિમ બંગાળ અને આસામ

83. વર્ષ 2022માં નેતાજી સુભાષચંદ્ર બોઝની કેટલામી જન્મ જયંતી ઉજવવામાં આવી ?
(A) 124 (B) 125
(C) 123 (D) 126

84. તાજેતરમાં ઈન્ડિયા ગેટમાં સ્થિત અમર જવાન જ્યોતને કોની સાથે મર્જ કરવામાં આવી છે ?
(A) રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં અમર જ્યોત સાથે
(B) લાલ કિલ્લામાં
(C) રાષ્ટ્રપતિ ભવન મ્યુઝિયમ કોમ્પ્લેકસમાં
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

85. વર્તમાન ગુજરાત રાજ્યના મુખ્યસચિવ કોણ છે ?
(A) અનિલ મુકિમ (B) પંકજ કુમાર
(C) અજય મિશ્રા (D) તુષાર મહેતા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

86. તાજેતરમાં સંરક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંહે કયા સ્થળે DRDOના ડિફેન્સ ટેકનોલોજી ટેસ્ટિંગ સેન્ટર અને બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ યુનિટનો શિલાયન્સ કર્યો છે ?
(A) કોલકાતા (B) લખનૌ
(C) બેંગ્લોર (D) ચેન્નાઈ

87. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ત્રિંકોમાલી તેલ (ઓઈલ) ટાંકી ડીલ' ભારત અને કયા દેશ સાથે સંકળાયેલ છે ?
(A) શ્રીલંકા (B) મ્યાનમાર
(C) બાંગ્લાદેશ (D) ઓમાન

88. 'ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ 2021' અનુસાર ભારતમાં સૌથી વધુ વન વિસ્તાર ભારતના કયા રાજ્યમાં છે ?
(A) મધ્યપ્રદેશ (B) મિઝોરમ
(C) અરૂણાચલ પ્રદેશ (D) છત્તીસગઢ

89. ગુજરાતની અંબિકા નદી અંતે.........પાસે દરિયામાં મળે છે ?
(A) ભરૂચ (B) નાથેજ
(C) ગૌઝીંગ (D) નવસારી

90. 'ક' યાદીને 'ખ' યાદી સાથે જોડીને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| ક | ખ |
|---|---|
| 1. ચાર મિનાર | A. તેલંગાણા |
| 2. ગુર રવિદાસ મેમોરિયલ | B. પંજાબ |
| 3. નવગ્રહ મંદિર | C. તમિલનાડુ |
| 4. કાન્હરી ગુફાઓ | D. મહારાષ્ટ્ર |

(A) 1-A, 2-B, 3-C, 4-D (B) 1-B, 2-D, 3-A, 4-C
(C) 1-C, 2-B, 3-D, 4-A (D) 1-B, 2-D, 3-C, 4-A

91. નીચેની કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?
(A) ગંધાર શિલ્પકલા શાખા – કુષાણ દ્વારા સમર્થન
(B) મથુરા શિલ્પકલા શાખા – શૃંગ દ્વારા સમર્થન
(C) અમરાવતી શિલ્પકલા શાખા – ચોલ દ્વારા સમર્થન
(D) મથુરા શિલ્પકલા શાખા – ગુપ્તા દ્વારા સમર્થન

92. ડભોઈ કિલ્લો .........ના શાસન દરમિયાન બાંધવામાં આવ્યો હતો.
(A) મૂળરાજ સોલંકી (B) સિદ્ધરાજ જયસિંહ
(C) ખેંગાર પ્રથમ (D) રુદ્રસેન

93. શાસ્ત્રીય ભાષા તરીકે જાહેર થયેલી પ્રથમ ભાષા ..................છે.
(A) સંસ્કૃત (B) તેલુગુ
(C) કન્નડ (D) તમિલ

94. જામનગર જિલ્લામાં ગોપનું મંદિર .........દ્વારા બંધાયુ હતું.
(A) ચાલુકય (B) પલ્લવ
(C) મૈત્રક (D) રાષ્ટ્રકૂટ

95. .........ભારતનું પારંપારિક તંતુવાદ્ય છે.
(A) ચોઘડિયા (B) માદળય
(C) પાવરી (D) સુરંદો

96. ''બલસ્ય મૂલં વિજ્ઞાનમ્'' – મંત્ર નીચે પૈકી કઈ સંસ્થાનો છે ?
(A) ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી
(B) ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન
(C) ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન
(D) ભારતીય નૌકાદળ

97. 'સ્વચ્છ સર્વેક્ષણ'– 2022ની સાતમી આવૃત્તિની શરૂઆત કોણે કરાવી ?
(A) નરેન્દ્રમોદી (B) હરદીપસિંહ પુરી
(C) અમિત શાહ (D) રામનાથ કોવિંદ

98. તાજેતરમાં નજલા રોમધને કયા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા છે ?
(A) ટ્યુનિશિયા (B) પોર્ટુગલ
(C) બ્રાઝિલ (D) તાજિકિસ્તાન

99. લોકકલા ક્ષેત્રે ગુજરાત સરકાર તરફથી કયો અગત્યનો પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) શ્રી અંબુભાઈ પુરાણી પુરસ્કાર
(B) ગુજરાત પુરસ્કાર
(C) જયભિખ્ખુ પુરસ્કાર
(D) ઝવેરચંદ મેઘાણી પુરસ્કાર

100. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી જાહેરાત અનુસાર કયા દિવસને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવશે ?
(A) 22 ડિસેમ્બર (B) 26 ડિસેમ્બર
(C) 30 ડિસેમ્બર (D) 8 જાન્યુઆરી

PSI MOCK TEST **ANSWER KEY** PAPER - 01

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. (B) | 11. (C) | 21. (D) | 31. (A) | 41. (C) | 51. (A) | 61. (B) | 71. (A) | 81. (D) | 91. (A) |
| 2. (A) | 12. (A) | 22. (C) | 32. (A) | 42. (A) | 52. (A) | 62. (D) | 72. (D) | 82. (A) | 92. (B) |
| 3. (D) | 13. (A) | 23. (A) | 33. (B) | 43. (C) | 53. (B) | 63. (C) | 73. (C) | 83. (B) | 93. (D) |
| 4. (D) | 14. (C) | 24. (C) | 34. (C) | 44. (D) | 54. (D) | 64. (B) | 74. (D) | 84. (A) | 94. (C) |
| 5. (B) | 15. (A) | 25. (D) | 35. (D) | 45. (A) | 55. (D) | 65. (B) | 75. (A) | 85. (B) | 95. (D) |
| 6. (A) | 16. (C) | 26. (D) | 36. (A) | 46. (A) | 56. (C) | 66. (D) | 76. (B) | 86. (B) | 96. (B) |
| 7. (C) | 17. (D) | 27. (B) | 37. (A) | 47. (B) | 57. (A) | 67. (A) | 77. (A) | 87. (A) | 97. (B) |
| 8. (A) | 18. (A) | 28. (A) | 38. (B) | 48. (A) | 58. (C) | 68. (C) | 78. (D) | 88. (A) | 98. (A) |
| 9. (C) | 19. (A) | 29. (A) | 39. (D) | 49. (A) | 59. (A) | 69. (B) | 79. (B) | 89. (D) | 99. (D) |
| 10. (D) | 20. (D) | 30. (C) | 40. (A) | 50. (D) | 60. (D) | 70. (B) | 80. (C) | 90. (A) | 100. (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

Shree Sadguru Shopping Centre, 2nd Floor, Nr. Akshar Mandir, Opp. Tirupati Petrolpump, Kalawad Road, Rajkot.







**તારીખ ૦૬-૦૩-૨૦૨૨ ના રોજ PSI ની પરીક્ષા લેવાની છે તેના પેપર સોલ્યુશન માટે ICE એકેડેમી રાજકોટ પેપર પૂરું થયા બાદ બપોરે ૩ વાગે ICE એકેડેમીની ઓફિશીયલ યુ ટ્યુબ ચેનલ પર લાઈવ PSI પેપર સોલ્યુશન કરવામાં આવશે.......**

## પેપર સોલ્યુશન જુઓ




**PSI પેપર સોલ્યુશન મેળવવા ICE નું WHATSAPP ગ્રુપ જોઈન કરવા → અહી ક્લિક કરો**

**અન્ય પેપર ડાઉનલોડ કરવા નીચેના પેપરો પર ક્લિક કરો**

| પેપર નંબર 2 માટે અહી ક્લિક કરો | પેપર નંબર 3 માટે અહી ક્લિક કરો | પેપર નંબર 4 માટે અહી ક્લિક કરો |
| --- | --- | --- |

# ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT